# આબુરોડ પોલીસે ૬૦ કુમળા વાછરડા ભરેલ ટ્રક ઝડપી




(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા.૩૦

રાજસ્થાન થી વાયા અંબાજી થઈ કુમળી વયના ગૌવંશ ને કતલખાને લઈ જવાતી એક ટર્બો ટ્રક આબુરોડ પોલીસે ઝડપી પાડવા ની ધટના -કાશ માં આવેલી છે આ ટ્રક માં ૬૦ અબોલ વાછરડા ક્રુરતા એ ભરેલા હતા જેમાં એક ગૂંગળાઈ મોત ને ભેટયું હતું, હાલ તમામ રાજસ્થાન આબુરોડ કોર્ટ ની સુચના એ ડીસા રાજપુર પાંજરાપોળ ખાતે સારવાર અને દેખરેખ માટે લવાયેલા છે

ગુજરાતમાં પૂર્વ મંજૂરી વગર ગાય, બળદ, વાછરડાની ટ્રાન્સપોર્ટ દ્વારા હેરફેર થઈ શકશે નહીં. ટ્રાન્સપોર્ટરે તેની કાયદેસરતા પુરવાર કરવાની રહેશે. ગેરકાયદે હેરફેર કરનારનું વાહન જપ્ત કરી લેવાશે અને તેને રૂ. ૫૦ હજાર સુધીનો દંડ થઈ શકશે. તે -કાર નો કાયદો અમલ માં છે, તેમ છતાં રાજસ્થાન માં થી કસાઈઓ બેખોફ ગુજરાત માં ગૌવંશ કતલખાને લઈ જાય છે ,,,તસ્વીરો માં દેખાતા આ અબોલ અને કુમળી વયના વાછરડા ની આંખોમાં આંસુ સાથે દર્દ અને ખોફ્ફ છવાયેલો છે.ચામડી છોલાઈ જાય તે રીતે અને ઘાસચારા અને પાણી નાં અભાવે તરફડતા આ વાછરડા માત્ર એક થી દોઢ વર્ષ ની ઉમર ના છે.એક ટ્રક માં ઉપર નીચે બે ખાના પાડી ૬૦ જેટલા આ વાછરડા રાજસ્થાન થી વાયા આબુરોડ અને તે બાદ અંબાજી થઈ ગુજરાત માં કતલખાને લઈ જવાતા હતા ,જોકે બાતમી આધારે અંબાજી સરહદ છાપરી ચેકપોસ્ટ નજીક આવેલી રાજસ્થાન પોલીસ ચોકી પાસે આબુરોડ તાલુકા પોલીસે ઝડપી પાડેલ છે ,જોકે પોલીસ જોઈ ટ્રક છોડી કસાઈ અને ચાલક ફરાર થઈ જતાઆબુરોડ પોલીસે ટ્રક ચાલક વિરુધ્ધ ગુનો દાખલ કરી કોર્ટ ના હુકમ થી તમામ અબોલ પશુધન ડીસા રાજપુર પાંજરાપોળ ને સોપેલ છે.

જોકે જયારે આ ટ્રક ડીસા પાંજરાપોળ લાવી ત્યારે તેમાં ક્રૂરતાની તમામ હદો વટાવી કસાઈઓ એ કેવી નિર્દયતાથી માત્ર એક અને દોઢ વર્ષ ના વાછરડા ઓં ને ગૂંગળાઈ જાય અને ચામડી છોલાઈ જાય તેરીતે રાખેલ તે દર્શ્યો જોવા મળ્યા હતા.જેમાં એક વાછરડું મૃત્યુ પામ્યું હતું, જયારે કેટલાક ના પગ દોરી થી ગળા સુધી ફીટ બાંધેલ હોઈ પગના હાડકા ફેકચર થયેલા જોવા મળ્યા હતા ,જેથી જીવદયા -મી ભરતભાઈ અને તેમની પશુ ચિકિત્સકો ની ટીમે આ તમામ ની હાલ સારવાર અને દેખરેખ શરુ કરી છે અને તે રીતે તેમને જીવતદાન મળે તે -યત્નો હાથ ધરેલ છે

ત્યારે બીજી તરફ ગુજરાત -ાણી સંરક્ષણ અધિનિયમ -૨૦૧૩ મુજબ પકડાયેલા ગૌવંશની કસ્ટડી ગૌશાળા-પાંજરાપોળને જ સોંપવી જોઈએ તેવી સ્પષ્ટ જોગવાઈ નથી. જો કે રાજસ્થાન રાજયના ગૌવંશ સંરક્ષણના કાયદામાં આવી સ્પષ્ટ જોગવાઈ છે. તેનું અનુકરણ કરી આપણા કાયદામાં જરૂરી સુધારા થાય તેવી ગૌસેવકોની -બળ લાગણી છે.તો વળી ગુજરાતમાંથી ખાસ કરીને મુંબઈ, દેવનાર, મહારાષ્ટ્રમાં ગૌવંશ -ાણીની ખુબ મોટા -માણાં નિકાસ કરવામાં આવી રહ્યાની ચિંતા ગૌસેવા સમિતિએ વ્યકત કરી હતી,

## મહેસાણા જિલ્લા માહિતી કચેરીના કર્મયોગીઓનો વિદાય સમારંભ યોજાયો

મહેસાણા, તા.૩૦

મહેસાણા જિલ્લા માહિતી કચેરીમાં ફરજ બજાવતા અને ૩૦ જુન ૨૦૧૪ના રોજ વયનિવૃત્ત થયેલ સહાયક માહિતી નિયામકશ્રી એમ.એલ. પરમાર અને ડ્રાઈવરશ્રી એસ.ડી. શેખનો નિવૃત્ત વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

સહાયક માહિતી નિયામકશ્રી એમ.એલ. પરમાર ૧૯૭૮માં નોકરી પર હાજર થયા હતા તેમજ કચેરીના ડ્રાઈવર શ્રી એસ.ડી. શેખ ૧૯૮૦માં હાજર થયા હતા. વર્ષોની નોકરી બાદ વયનિવૃત્ત સમારભમાં આ બંને કર્મયોગીઓને નાયબ માહિતી નિયામકશ્રી પરેશ શાહ તેમજ કર્મચારી મિત્રોએ શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમમાં સહાયક અધિક્ષકશ્રી વી.જી. નાયક, શ્રી અરવિંદ નાયક અને શ્રી કે.વી. વાઘેલાએ કચેરી વતી બંને કર્મયોગીઓનું સ્વાગત કર્યું હતું

માહિતી ખાતાના નિવૃત્ત સહાયક માહિતી નિયામક એસ.એમ. પરમારે ઉપસ્થિત રહી કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે સુપરવાઈઝર શ્રી એસ.આર. શેઠીયા સિનિયર કલાર્કશ્રી આર.કે. નાયક, સુરેશ રાવલ, જુનિયર કલાક શારદાબેન ચૌધરી, ડ્રાઈવર શ્રી વી.ડી. ઠાકોર, મધુબેન, રવિ ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કચેરીના મદદનીશ ઈજનેરશ્રી આઈ.એસ. પરમારે કર્યું હતું. કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન અને આભારવિધિ માહિતી મદદનીશ નરેન્દ્ર પંડયાએ કરી હતી.

## ભિલોડા એસ.ટી.ડેપો ખાતે ૧૦ કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા એસ.ટી.ડેપો ખાતે ડ્રાઈવર, કંન્ડકટર, મેકેનીક સહિતના દસ જેટલા કર્મચારીઓની વય મર્યાદા પુરી થતાં વિદાય સમારંભ યોજાયો હતો.જેમાં સગાં-સબંધીઓ તેમજ હિંમતનગર એસ.ડીવીઝનના ડી.સી. જી.ઓ.શાહ તેમજ ડેપો મેનેજર રઘુવીરસિંહ ચૌહાણ,મહેન્દ્રસિંહ ચંપાવત તેમજ ધર્મેન્દ્રસિંહ જાડેજા તેમજ એસ.ટી.ના તમામ ડ્રાઈવર,કંડકટર સહિત તમામ સ્ટાફ વિદાય સમારંભમાં હાજર રહ્યો હતો.હિંમતનગરના ડી.સી. જી.ઓ.શાહે ફરજ પ્રત્યે દરેક એસ.ટી.કર્મચારીને ઉડાણપુર્વકની શીખ આપી હતી.


(તસવીર : હરેશ ત્રિવેદી, જીત ત્રિવેદી, ભિલોડા)

## મહિયલ દૂધ ઉત્પાદક મંડળીના ડિરેક્ટરોમાં કોંગ્રેસની પેનલ વિજયી બની

તલોદ, તા. ૩૦

તલોદ તાલુકાના મહિયલ ગામની ધી મહિયલ દૂધ ઉત્પાદક મંડળીના ડિરેકટરની ચૂંટણી યોજાઈ હતી. જેમાં કુલ ૪૯ જેટલા સભાસદોએ ૧૨ જેટલા ઉમેદવારોમાંથી ૯ કોંગ્રેસના ઉમેદવારો વિજયી બન્યા હતા.

આ ચૂંટણી માધવસિંહ સોલંકી અને શંકરસિંહ વાઘેલાના ગ્રુપ વચ્ચે યોજાઈ હતી. જેમાં માધવસિંહ સોલંકી ગ્રુપ જંગી બહુમતીથી વિજયી બન્યો છે. મહિયલ ગામની દૂધ મંડળી ઘણા મયથી કોંગ્રેસના કબજામાં હતી. જે બિન હરિફ પણ થઈ શકે તેમ હતી પરંતુ અંદરો-અંદરના ભાગલાવાદી થતા માધવસિંહ સોલંકી કોંગ્રેસ ગ્રુપનો વિજય થયો. આમ ઉમેદવારોમાં સમાધાન પણ ચૂંટણીમાં પરિણામ આવતા રસાકસીભરી ચૂંટણીમાં સભાસદોના ભાવતાલ લેવાયા હતા.

**વિજયી ઉમેદવારો**
- કમલેશ રામી
- પ્રતાપસિંહ ઝાલા
- હિંમતસિંહ ઝાલા
ગોવિંદભાઈ દેસાઈ
- સંજયસિંહ ઝાલા
- નાગજીભાઈ દેસાઈ
- વિક્રમસિંહ ઝાલા
અમરસિંહ પરમાર
- ગોપાલસિંહ ઝાલા

## ડીસા આંગડીયા પેઢીમાં ૨૯ લાખની ઉચાપત કરનાર મેનેજર જેલ હવાલે

ડીસા, તા.૩૦

ડીસામાં એકાદ માસ અગાઉ આંગડીયા પેઢીના મેનેજર દ્વારા ૨૯ લાખની ઉચાપત કરી ફરાર તહી જતા તેની વિરુદ્ધ દક્ષિણ પોલીસ મથક ડીસા માં ફરિયાદ નોધાઈ હતી, જેને



પોલીસે ઝડપી પાડી જેલ હવાલે કરેલ છે, અને ડીસા કોર્ટે પણ આ કામ માં લાખો નું ફૂલેકું ફેરવી રફુચક્કર થયેલ મેનેજર ને ચાર દિવસ ના રિમાન્ડ આપેલ છે,

આ ધટના ની મળતી વિગત જોઈએ તો વહેપારી મથક ડીસામાં આવેલી જાણીતી એક આંગડીયા પેઢીના મેનેજરે પોતાની નોકરી ના છેલ્લા આશરે દોઢ માસના સમયગાળામાં હવાલા મારફતે આગળથી આવેલા કેટલાક ખેડૂતો અને વહેપારીઓની રકમ હડપ કરવાનું ચાલુ કરી છેતરપિંડી આચરી હતી.જોકે આગંડીયા પેઢી માલિકે આ ધુપ્પલબાજીની ગંધ આવતા તપાસ હાથ ધરી હતી. જેમાં બહાર આવેલ કે પેઢીમાં કામ કરતા મેનેજરે અંદાજીત ૩૦ લાખની ઉચાપત કરેલ છે. જે બાદ પેઢી માલિકે ભાગેડુ મેનેજર સામે ડીસા દક્ષિણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા દક્ષિણ પોલીસ ઈન્સ્પેકટર કે.ડી.નકુમ દ્વારા તેની શોધખોળ હાથ ધરાઈ હતી

આ બાબતે નોધાયેલી પોલીસ સમક્ષ ની ફરિયાદ માં બહાર આવ્યું હતું કે ડીસાના મહાવીર કોમ્પ્લેક્ષમાં વર્ષો જૂની વસંત કુમાર અંબાલાલ પટેલની આંગડીયા પેઢી માં નાણાં તેમજ હિસાબો લાગતું કામકાજ મેનેજર હરેશ શાંતિલાલ પટેલ સંભાળતો હતો. જોકે ડીસા ખાતેની વસંત કુમાર અંબાલાલ પટેલની આંગડીયા પેઢીની શાખામાં છેલ્લા દોઢ માસથી આગળથી આવતા હવાલાની રકમ નિયમિત ન મળતી હોવાની ગ્રાહકોમાં ફરિયાદ ઉઠવા પામી હતી. જેથી આ પેઢીના મૂળ માલિક અશ્વિનભાઈ પટેલ રહે.સુરત વાળાઓને શંકા જતા તેઓએ જેતે વખતે ડીસા આવી તપાસ હાથ ધરી હતી. જેમાં ચોંકાવનારી હકીકત બહાર આવેલ કે, અત્યાર સુધી પેઢીના મેનેજર એવા હરેશ શાંતિલાલ પટેલ રહે.શિહી તા.ઝા વાળાઓએ ગ્રાહકોના ૩૦ લાખથી વધુની રકમ છેતરપિંડી કરી ચાઉં કરી છે. અને ભાગી ગયો છે, જે બાદ ની આ પેઢીના મૂળ માલિક અશ્વિનભાઈ પટેલ દ્વારા ડીસા દક્ષિણ પોલીસ મથકે ભાગેડુ મેનેજર એવા આરોપી હરેશ શાંતિલાલ પટેલ વિરૂધ્ધ છેતરપિંડીની ફરિયાદ નોધાવતા અંદાજીત દોઢ માસ ની ભાગદોડ અંતે આ મેનેજર પોલીસે ઝડપી પાડ્યો હતો, અને પેઢીની રૂપિયા ૨૯,૪૭૦૦૦ ની મેનેજર દ્વારા ચાઉં થયેલી રકમ રીકવર કરવા તેને ડીસા કોર્ટ માં રજુ કર્યો હતો, જેમાં કોર્ટે તેને ચાર દિવસ ના પોલીસ કસ્ટડી ના રિમાન્ડ પર સોપેલ છે

## સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ તાલુકાઓમાં વિકાસના ૯૩૬ કામો માટે રૂ. ૧૩૨૪.૪૦ લાખની જોગવાઈ

હિંમતનગર, તા.૩૦



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક જિલ્લા -ભારી અને ગૃહ રાજય મંત્રી રજનીકાન્ત પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે મળી હતી. આ બેઠકમાં વર્ષ- ૨૦૧૪ - ૨૦૧૫ના કૃષિ, ગ્રામ વિકાસ, પશુપાલન, સિંચાઈ, શિક્ષણ અને આવાસના કામોની -ાથમિક માન્યતા આપવામાં આવી હતી. આ ઉપરાંત બેઠકમાં સ્થાનિક વિકાસના કામોને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ તાલુકાઓના વિકાસ ૯૩૬ કામો માટે રૂ. ૧૩૨૪.૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી.

આ -સંગે જિલ્લા -ભારી મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે, -જાના સુખાકારી કામોને -થમ અગ્રિમતા આપીને તમામ ધારાસભ્યશ્રીઓ અને જિલ્લામાં ચૂંટાયેલ તમામ પદાધિકારીશ્રીઓએ ખભે ખભા મિલાવી કામ કરશું તો જિલ્લાના વિકાસ કામો ઝડપભેર પૂર્ણ થશે. અને ત્યારે જ સાચા અર્થમાં આપણે -જાના સેવક કહેવાઈશું ..તેમણે જિલ્લાની શાળાઓમાં ઓરડા, પીવાના પાણી અને વિજળીકરણની કામગીરી બાકી રહેતી હોય તો તે અંગે જિલ્લા વહીવટી તંત્રને ધ્યાન દોરવા અનુરોધ કર્યો હતો.

સાબરકાંઠા જિલ્લાના બહુધા આદિજાતિની વસતી ધરાવતા ખેડબ્રહ્મા તાલુકાના ૨૮૯ કામો માટે રૂ ૪૦૦.૯૩ લાખ , વિજયનગર તાલુકાના ૨૭૭ કામો માટે રૂ. ૩૪૧.૯૪ લાખ, નવરચિત પોશીના તાલુકાના વિશેષ વિકાસ માટે રૂ. ૫૨૫.૭૦ લાખના ખર્ચે ૧૬૩૫ કામ હાથ ધરવામાં આવશે. જયારે ઈડર પોકેટ વિસ્તારમાં રૂ. ૩૬.૫૪ લાખના ખર્ચે ૩૭ કામો આ ઉપરાંત જિલ્લાના છુટાછવાયા વિસ્તારમાં વસતા આદિજાતિ લોકોના ૯ કામો માટે રૂ. ૧૯.૨૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

જિલ્લાના આ તાલુકાઓમાં પાક અને કૃષિક્ષેત્રની યોજનામાં ૩૦૫૫ લાભાર્થીઓને લાભ મળશે. જયારે ડેરી ઉધોગના વિકાસ અર્થે ૫૦, વન અને પર્યવારણના સંરક્ષણ યોજનામાં ૩૦૦, નાની સિંચાઈ યોજનામાં ૫૫૦, ગ્રામ્ય લધુઉધોગ યોજનામાં ૨૨૬, આવાસન યોજનામાં ૧૬૩ અને શ્રમ અને રોજગાર યોજના અન્વયે ૭૦ લાભાર્થીઓ મળી કુલ ૪૩૯૪ લાભાર્થીઓને લાભાન્વિત કરવામાં આવશે.

આ બેઠકમાં ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ,હિંમતનગર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા પંચાયત -મુખ હેમલતાબેન પટેલ, જિલ્લા -ભારી સચિવ જયંતિ રવિ, જિલ્લા કલેકટર બંછાનિધિ પાની, ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના -મુખ ભોજાભાઈ મકવાણા, વિજયનગર તાલુકા પંચાયતના -મુખ -ાયોજના વહિવટદાર કે.એસ.વસાવા સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ ઉપસથિત રહયાં હતાં.

## શ્રી સત્તાવીશ ઔદિત્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

પાલનપુર, તા. ૩૦

પાલનપુર ખાતે ડીસા હાઈવે પર આવેલી સમાજની વાડી ખાતે ઔદિત્ય સહસ્ત્ર સત્તાવીશ બ્રહ્મસમાજનો તેજસ્વી તારલાઓનો આઠમો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ધો. ૧ થી ૧૨ના તેજસ્વી છાત્રોને સન્માનિત કરાયા હતા.



ઔદિચ્ય સહસ્ત્ર સત્તાવીશ બ્રહ્મસમાજનો તેજસ્વી તારલાઓનો આઠમો સન્માન સમારોહ પાલનપુર નગરપાલિકાના ઉપપ્રમુખ અને કાર્યક્રમના દાતા અમરતભાઈ જોશીના મુખ્ય મહેમાન પદે યોજાયેલા છાત્ર સન્માન સમારોહમાં સમાજના ધોરણ-૧ થી ૧૨ ના પ્રથમ ત્રણ ક્રમાકે આવેલા છાત્રોને શિલ્ડ, પ્રશિસ્તપત્ર અને શૈક્ષણિક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સમાજના પ્રમુખ એવંમ દાતા પ્રેમશંકરભાઈ રાવલ, મંત્રી કાંતિલાલ રાવલ, દાતા સોમાલાલ એ. જોશી, રાજુભાઈ રાવલ અને ઓમ.પી. જોશી સહીતના આગેવાનોએસમાજના વિકાસ માટે શિક્ષણ પર ભાર મુક્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા ગ્રુપના કન્વીનર હરેન્દ્ર જોશી અને સહ કન્વીનર જીગર જોશી સહીતની ટીમે અપાર જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં સમાજના હોદ્દેદારો, દાતાઓ સહીત સમાજના જ્ઞાતિબંધુઓ હાજર રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧